Part-1, Chapter-3

## પ્રકરણ : (૩)

## ભવાઇના સ્વરુપની વિકાસરેખા - મધ્યયુગથી સાંપ્રતકાળ સુધી

ગુજરાતના પારંપારિક નાટ્ય ભવાઇના ઉદ્‌ભવ તથા વિકાસની ચર્ચા કરતાં પહેલાં ભવાઇના ઉદ્‌ભવ પૂર્વેનું ગુજરાતનું વાતાવરણ જાણવું જરૂરી છે.

'ગુજરાત' એટલે ગૂર્જરત્રા, ગૂર્જરત્ર - મંડલ, ગૂર્જર - ગૂજ્જર દેશ વગેરે ઇ.સ.ના આઠમા થી ચૌદમા શતક દરમ્યાન પ્રચલિત નામોમાંથી ઉતરી આવેલ શબ્દ છે. પાંચમાં તથા છઠ્ઠા શતકના સંક્રાંત કાળ દરમ્યાન શક કુળની ગૂર્જર જાતિ ભારતમાં પ્રવેશી, દક્ષિણ પંજાબ થઇને રાજપૂતાનામાં વસી અને નર્મદાની આસપાસના પ્રદેશો તથા સૌરાષ્ટ્ર સુધી એ જાતિ ફેલાઇ. ચીની મુસાફર હ્યુએન્સંગે જોયેલું 'ભિન્નમાલ' નું રાજ્ય એ ગૂર્જર રાજ્ય હતું[1]

ઉતરમાંથી મુસ્લિમ આક્રમણો થતાં આ જાતિ હાલમાં ગુજરાત તરીકે ઓળખાતા પ્રદેશમાં આવીને વસી. ગૂર્જરોને આશ્રય આપનારી આ ભૂમિ 'ગૂર્જરત્રા ભૂમિ' નામથી ઓળખાવા લાગી. સોલંકી - વાઘેલા વંશના રાજાઓ પછી મુસલમાનોએ આ પ્રદેશ પર કબ્જો જમાવ્યો, પરંતુ

રાજસ્થાનમાં પ્રવેશી શકયા નહીં. પરિણામે આ પ્રદેશ સીમાની દૃષ્ટિએ રાજસ્થાનથી અલગ પડી ગયો. ગુજરાત શબ્દની વ્યુત્પત્તિ ગુર્જર + ત્રા ગુર્જર + રાષ્ટ્ર, ગુર્જર + લાટ અને ગુર્જર + આત એમ જુદી જુદી રીતે દર્શાવેલ છે. વિદ્વાન આરબ મુસાફર આલ્બેરુનીએ પ્રયોગેલ[1] ગુજ્રાત શબ્દ પ્રચલિત થઇ ગયો હશે. બીજી રીતે વિચારીએ તો જે જાતિની હકૂમત તળેનો પ્રદેશ હોય તે પ્રદેશ જેમકે ઠાકોર + આત - ઠકરાત, ગુર્જર + આત - ગુજરાત.[2]

ગુજરાત શબ્દ ગુર્જરોના નામ પરથી પડ્યો હશે, પરંતુ ગુજરાતી એ ગુર્જરોની ભાષા નથી. કેટલાંક ફેરફારોને અંતે મળેલી ભાષા છે.[3]

તે અનુક્રમે વેદીક - સંસ્કૃત - પ્રાકૃત - અપભ્રંશ - અને ગુજરાતી. આ રીતે તૈયાર થયેલ ભાષા છે. હેમચંદ્રના સમયમાં જે અપભ્રંશ પ્રચલિત હતી તેને તેમણે શૌરસેની અપભ્રંશ કહી છે.[4]

મૂળરાજ સોલંકીથી સિદ્ધરાજના સમયમાં અપભ્રંશનો વપરાશ હતો. ત્યારપછીના ત્રણ શતક દરમ્યાન અપભ્રંશમાંથી રાજસ્થાની, હિન્દી અને ગુજરાતી એમ ત્રણ ભાષાઓનો વિકાસક્રમ શરુ થયો. ગુજરાતી ભાષાના વિકાસક્રમના ત્રણ તબકકા છે. ઇ.સ. દશમાં શતકથી ચૌદમાં શતક

kalpana's

સુધીનો પહેલો યુગ જે અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી તરીકે ઓળખાય છે. પંદરમા શતકથી સત્તરમાં શતક સુધીનો બીજો યુગ તે મધ્યકાલીન ગુજરાતી ભાષાનો યુગ. તે પછીનો યુગ તે અર્વાચીન ગુજરાતી ભાષાનો યુગ.[5]

ગુજરાતમાં આર્યો, ગુર્જરો, પારસી, મુસ્લિમો, અંગ્રેજો, પોર્ટુગીઝો અને મરાઠાઓ વગેરે રહ્યા હોવાથી ગુજરાતી ભાષામાં વિવિધ ભાષાના શબ્દો ભળ્યા છે. શબ્દભંડોળ વધવાથી ભાષા સમૃદ્ધ અને વૈવિધ્યવાળી બની છે.

ઇ.સ.૧૨૦૭ માં અલ્લાઉદ્દીન ખીલજીએ કરણ વાઘેલાને હરાવી પાટણ લીધું ત્યારથી ગુજરાતની રાજકીય સ્વતંત્રતા ગઇ. સો વર્ષ સુધી ખીલજી અને તઘલખ વંશના બાદશાહોના સૂબાઓ દ્વારા વહીવટ ચાલ્યો. તૈમુરના આક્રમણ પછી દિલ્હીની સત્તા નબળી પડતાં ગુજરાતનો સૂબો મુઝફ્ફરખાન સુલતાન બની બેઠો. તેણે અને તે પછીના સુલતાનોએ ગુજરાતની આસપાસના પ્રદેશો જીતી ગુજરાતની સીમા વધારી કેટલાક સુલતાનો ધર્મઝનુની હોવાથી હિન્દુ વસ્તી પર ત્રાસ ગુજાર્યો, મંદિરો લૂંટ્યા, મૂર્તિઓ ખંડિત થઇ. લૂંટ, સ્ત્રીઓની પજવણી, અપહરણ, ધાકધમકીથી ધર્માંતર કરાવ્યાના ઘણાં કિસ્સા બન્યા અને હિન્દુઓએ ધર્મ બચાવવા

kalpana's

સ્થળાંતરો કર્યા હોવાનું અનુમાન છે.[6] આવા બાહ્ય પ્રતિકૂળ સંજોગોએ ગુજરાતી સાહિત્ય તેમજ કલા માટે અનુકૂળ સંજોગો ઘડ્યા. લોકોને ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ બનાવવાના પ્રયત્નોમાં જૈન સાધુઓએ ભૂગર્ભમાં - ઉપાશ્રયોમાં ભરાઇ જઇ ત્યાંથી ધર્મને લગતું સાહિત્ય રચ્યું. સંસ્કૃતને મળતો રાજ્યાશ્રય બંધ થવાથી કવિઓ, સાધુઓ, કલાકારોને લોકાશ્રયી બનવું પડ્યું લોકભાષાનો સાહિત્ય તેમજ કલાઓમાં ઉપયોગ થવો શરુ થયો. સાહિત્ય કલાને લોકાશ્રયી બનાવવાના પ્રયત્નોમાં જૈન સાધુઓના હાથે રાસ, પ્રબંધ, ફાગુ અને વાર્તા જેવા સાહિત્ય પ્રકારો રચાયા. જૈન ઉપરાંત જૈનેતર લોકોએ પણ કલા અને સાહિત્ય પ્રત્યે રુચિ જગાવી. મુસ્લિમ સત્તાને સામાન્ય લોકો ઉથલાવી શકે તેમ ન હોવાથી ઘરો, નગરો, મંદિરો, ગામડાઓ અને મેળાઓની સંસ્કૃતિ રચાઇ. 'રણમલ છંદ' અને 'કાન્હડદે પ્રબંધ' જેવી મુસ્લિમ સેનાઓને શિકસ્ત આપનારા રાજપૂત યોદ્ધાઓની ગાથાઓ રચાઇ.[7] મુસ્લિમ સત્તા હોવાને કારણે સત્તાવિહીન હિન્દુ પ્રજામાં સહજ રીતેજ ધર્મગ્રંથો, ભક્તિપુરાણો, ભાગવત, રામાયણ, મહાભારત વગેરેનો પ્રભાવ વધ્યો, લોકપ્રિયતા વધી. પરિણામે લોકભાષાઓમાં ભાષાંતરો કરવાની જરુર ઉભી થઇ. ભાલણ, ભીમ, નાકર જેવા અનુવાદકો, નરસિંહ, મીરા જેવા પદ - રચનાકાર અને પ્રેમાનંદ જેવા આખ્યાનકાર જન્મ્યા.

kalaanae'3

આ દરેક વિભૂતિએ પોતપોતાના સર્જન દ્વારા લોકોના ધર્મ સંસ્કાર જાગૃત રાખ્યા. ગુજરાતી સાહિત્યમાં ધર્મ અને ભક્તિ કેન્દ્ર સ્થાને રહ્યાં હતાં. શ્રી કનૈયાલાલ મા.મુન્શીએ પ્રાચીન ગુજરાતી સાહિત્યના વિસ્તારને સાંકડો કહ્યો છે. ગુજરાતના પ્રાચીન કવિઓને અલ્પ વિશ્વવાળા કહ્યાં છે. નદી-નાળાં, પર્વત, વૃક્ષો, સમુદ્રક્ષેત્ર, પશુ-પંખી વગેરે મનુષ્યમાં રસ ઉપજાવે તેવા વિષયો કવિઓના અવલોકન અને સર્જનની બહાર રહ્યાં.[6] પરંતુ આનું કારણ તે વખતની સામાજિક, રાજકીય પરિસ્થિતિ હતી. ધર્મ બચાવવાની ઝુંબેશમાં મોટા ભાગની રચનાઓ ધર્મ અને ભક્તિને કેન્દ્રમાં રાખીને જ રચાઇ.

તેમ છતાં કેટલાક સર્જનો એવાં છે, જેમણે ભક્તિ અને ધર્મના પ્રભાવની સાથે વીર, હાસ્ય તથા શૃંગારને છલકાવ્યા છે. પ્રેમાનંદના નારી વર્ણનો વલ્લભના શણગારના ગરબા સ્ત્રીઓના અલંકારોની માહિતી આપે છે.[6] મધ્યકાલીન રાસ, ફાગુ અને બારમાસી જેવા સાહિત્ય પ્રકારોમાં કુદરતનું સૌંદર્ય તથા પ્રણય પ્રસંગો છે. પરંતુ ધર્મ અને ભક્તિ સાથે હાસ્ય, શૃંગાર અને વીર જેવા રસોને સાહિત્ય તેમજ દૃશ્ય શ્રાવ્ય સ્વરૂપમાં લાવનાર ગુજરાતના આદિકવિ અસાઇત ઠાકરે ગુજરાતના તે વખતે પ્રચલિત લોકનાટ્યને સંસ્કાર્યું હોય, તેનું સંમાર્જન કરી તેને નવું સ્વરુપ આપ્યું હોય એવું અનુમાન છે.

kalpana's

ભવાઈ એ ભક્તિ આંદોલનનું પરિણામ નથી, પણ લોકશ્રુતિ મુજબ આકસ્મિક બનેલા પ્રસંગને કારણે એક કલાકારને – કવિને થયેલ સ્ફુરણાનું પરિણામ છે.

અસાઈતનો સમયગાળો તેમના લખેલા કાવ્ય 'હંસાઉલી' ની હસ્તપ્રતમાં કાવ્યાંતે દર્શાવવામાં આવેલો સંવત આધારે શ્રી કે.કા.શાસ્ત્રી ઈ.સ.૧૩૨૦ થી ૧૩૯૦ સુધીનો મૂકે છે. ચૌદમા સૈકાનો છેલ્લી ત્રણ પચીસી એ અસાઈતનો કાળ હતો.[૧૦] આ સમય તે દિલ્હીમાં ખીલજીવંશના પતન અને તઘલખ વંશના ઉદ્ગમનો કાળ છે. અસાઈત જન્મે ભારદ્વાજ ગોત્રના યજુર્વેદી ઔદિચ્ય બ્રાહ્મણ હતાં. ઉંઝા અને આસપાસના કણબી પટેલોના ગોર હોવા ઉપરાંત સુરીલા કંઠવાળા કથાકાર હતા. કથાકાર હોવાને કારણે 'પ્રેક્ષક' નામે ઓળખાતા લોકસમૂહની નાડ તેઓ પારખતા થયા હતા.

અલ્લાઉદ્દીન ખીલજીનો સૂબો જહાંગીરરોઝ કનોજ થઈને ગુજરાત પર ચઢી આવ્યો અને ઉંઝામાં છાવણી નાંખી. એક લોકશ્રુતિ મુજબ અસાઈતના યજમાન હેમાળા પટેલની પુત્રી ગંગાનું અપહરણ કરી છાવણીમાં કેદ કરી. અસાઈતે સુબાની છાવણીમાં જઈ સુરીલા કંઠે ગીતો ગાયાં. સુબાને ખુશ કરી ઈનામ રૂપે 'પોતાની' પુત્રીને મુક્ત કરવા માંગણી કરી. સૂબો વિલાસી

હોવા છતાં કલાનો ચાહક હતો. તેણે ગંગાને મુકત તો કરી, પરંતુ પોતાના હજુરીયાઓની સલાહને કારણે શંકા જતાં 'બ્રાહમણ અસાઈતને મહેમાન ગણી પુત્રી સાથે ભોજન લઈને જવા આગ્રહ કર્યો. આ પ્રસંગથી અસાઈતની પ્રતિભાનો ખ્યાલ આવે છે. તેમણે એટલી હદે સુબાને પ્રભાવિત કર્યો હતો કે સૂબો પોતે સત્તાધીશ હોવા છતાં, પોતાના હજુરીયાઓ પર વિશ્વાસ હોવા છતાં આવા ઉમદા કલાકારોના જાહેરમાં અવિશ્વાસ પ્રગટ કરતાં સંકોચાય છે. કણબી-પટેલની પુત્રી સાથે ભોજન લઈ 'ભ્રષ્ટ' થયેલા અસાઈતને બ્રાહમણ જ્ઞાતિમાંથી બહાર કાઢવામાં આવ્યાં.

ગુજરાતમાં જયારે મુસ્લિમ સત્તા પાંગરી રહી હતી ત્યારે મુસ્લિમ શાસકની છાવણીમાં જઈ અપહૃત સ્વરૂપવાન કન્યાને છોડાવવી એ સામાન્ય માણસનું કામ નહોતું. ઊંઝાના કણબીઓએ અસાઈતને સિધ્ધપુરથી ઊંઝા બોલાવી આશ્રય આપ્યો. જમીન આપી. હવે પ્રશ્ન ગુજરાનનો નહતો, પરંતુ અસાઈતમાં રહેલા કથાકારે વ્યાસપીઠ ગુમાવી હતી. કલાકારે પ્રેક્ષક ગુમાવ્યો હતો. મુસ્લિમ સત્તા, લશ્કરની છાવણીનો પ્રસંગ, બ્રાહમણ સમાજ ધ્વારા થયેલો તિરસ્કાર વગેરે બાબતો તેમના મનમાં હિલ્લોળા લેતી હશે.

મનમાં રમતી ઉર્મિઓ, વિચારો, કથાઓને દૃશ્યરૂપ આપવા દેવીની આરાધનાના સ્વરૂપમાં નૃત્ય, ગીત, સંગીતના અંશો ધરાવતા . નાટ્યસ્વરૂપનો – ભવાઈનો પ્રારંભ કર્યો. ત્રણ પુત્રો શ્રીગદ, માંડણ અને પાંચા ઠાકરનો સાથ મળ્યો. ત્રણ ઘરવાળા – ત્રીઘરા – તરગાળા કહેવાયા. હેમચંદ્રાચાર્યના સમયમાં જૈન ધર્મ સ્વીકારવાને કારણે ન્યાત બહાર મુકાએલા શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબોનો સાથ અસાઈતને મળ્યો. આ શ્રીમાળી બ્રાહ્મણો પાછળથી ભોજક કહેવાયા.

અસાઈતના માનસમાં ભવાઈનું આ સ્વરૂપ કઈ રીતે અંકીત થયું હશે? તે વિચારણા માગતો પ્રશ્ન છે. ભવાઈમાં તે પૂર્વેની કોઈ નાટ્ય પરંપરાનું સીધું અનુકરણ દેખાતું નથી. જોકે ભવાઈમાં કેટલાક પ્રાચીન ઉપરૂપકોની અસર વર્તાય છે ખરી અને તેની ચર્ચા અગાઉના પ્રકરણમાં કરવામાં આવી છે.

અસાઈતની જન્મભૂમિ ઉત્તર ગુજરાત, પ્રાચીન કાળમાં આનર્ત પ્રદેશ – નર્તકોના પ્રદેશ તરીકે ઓળખાતી. પ્રાચીન કાળમાં વખતો-વખત આનર્ત અને સૌરાષ્ટ્ર એકજ રાજ્યની સીમામાં આવેલા પ્રદેશો હતા. નૃત્યો અને કલા માટે જાણીતા આ પ્રદેશોનો વ્યાકરણ શાસ્ત્રી પાણિનિએ ઉલ્લેખ કર્યો છે. મહાભારત, ભાગવત અને મત્સ્યપુરાણમાં આનર્ત પ્રદેશ અને સૌરાષ્ટ્રને એક સાથે

જોડવામાં આવ્યા છે.[11] મહાભારત અને બૃહદ સંહિતામાં નટ -નર્તક અને ગાયકોને આનર્તપૂર સાથે જોડવામાં આવ્યાં છે, જે હાલમાં વડનગર નામે ઓળખાય છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાચીન કાળથી નૃત્ય, નાટ્ય અને ગાયનના પ્રદેશ તરીકે પ્રસિધ્ધ રહયાં છે.

અસાઈત પૂર્વે રચાયેલા સાહિત્યમાં દુહા, રાસ (રાસો), ફાગુ, પ્રબંધ, બારમાસી વગેરે પ્રકારો મળ્યા છે. દુહાને આજેપણ સૌરાષ્ટ્રમાં દશમો વેદ કહેવામાં આવે છે.[12] સિધ્ધહૈમમાં અપભ્રંશ દુહાઓ રચવામાં આવ્યાં છે.[13] અપભ્રંશમાંથી ગુજરાતી ભાષા તરફ ગતિ કરતાં સાહિત્યમાં જૈન સાધુ શિલભદ્રસુરી રચિત 'ભરતેશ્વર બાહુબલી રાસ' ગુજરાતની સૌથી પ્રાચીન કૃતિ છે. જેમાં ૠષભદેવના બે પુત્રો ભરત અને બાહુબલીના યુધ્ધનું વર્ણન છે.[14] અન્ય જૈન તથા જૈનેતર કવિઓના રચેલા રાસ મળ્યા છે.

રાસ અથવા રાસો નામે ઓળખાતા ગેય કાવ્ય પ્રકારની રચના વિસ્તારમાં ટૂંકો ઉર્મિકાવ્ય જેવી હતી. સમય જતાં આખ્યાન પધ્ધતિ બની અને કડવાબધ્ધ ગેય કવિતાના સ્વરૂપમાં વિકસી. પ્રાચીન ઉપરૂપક રાસક કે જે કાવ્ય સ્વરૂપ, નર્તકી અને નર્તક યુગલો ધ્વારા તાલ અને લયમાં

Kalpana's

દૃશ્યરૂપ પામતુ હતું. તેના પરથી રાસ આવ્યા હશે એમ તદ્વિદોનું માનવું છે. રાસ બારમા સૈકાથી આરંભાઈ નરસિંહના સમયગાળા સુધીમાં પૂરબહારમાં ખીલ્યો. શ્રી કે.કા.શાસ્ત્રીએ આ યુગને રાસયુગ કહયો છે.[૧૫]

અન્ય મધ્યકાલીન સાહિત્ય પ્રકારોમાં ફાગુ મહત્વનું સ્થાન ધરાવે છે. જેમાં શૃંગાર કેન્દ્રમાં રહે છે. બારમાસી નામના કાવ્ય પ્રકારમાં બાર માસનો ઋતુઓનું પ્રાકૃતિક વર્ણન હોય છે. અન્ય ગેય પ્રકારોમાં ધોળ, ધવલ, ચચ્ચરી પ્રચલિત હતાં.

અસાઈતપૂર્વે ગુજરાતમાં કેટલાક નાટકો ભજવાયાના ઉદાહરણો ડૉ. સુધાબહેન દેસાઈએ તેમના શોધનિબંધ 'ભવાઈ'માં ટાંકયા છે.

અગિયારમી સદીમાં રાજા કર્ણના સમયમાં કાશ્મીરી કવિ બિલ્હણનું અણહીલપુરમાં આગમન થયું. તેમની લખેલી નાટિકા 'કર્ણસુંદરી' અણહીલપુરના શાંતિનાથ મંદિરમાં ભજવાઈ હતી.[૧૬]

બારમી સદીમાં રામચંદ્રના લખેલા નાટકો પૈકી સત્ય હરીશચંદ્ર ભજવાયાના ઉલ્લેખો મળ્યા છે.[૧૭] આચાર્ય હેમચંદ્રના પટ્ટશિષ્ય અને ગુજરાતના સંસ્કૃત કવિ રામચંદ્રે કુલ અગિયાર રુપકો રચ્યાં છે, જેમાં રઘુવિલાસ, નલવિલાસ, યદુવિલાસ, સત્ય હરિશચંદ્ર, નિર્ભય ભીમ વ્યાયોગ, મલ્લિકા

મકરંદ પ્રકરણ, રાઘવાભ્યુદય, રોહિણીમૃગાંક, વનમાલા નાટિકા, કૌમુદીમિત્રાણંદ, અને યાદવાભ્યુદય છે. રામચંદ્રે તેમના ગુરુ-બંધુ ગુણચંદ્ર સાથે રચેલ 'નાટ્યદર્પણ' સંસ્કૃત નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાં મહત્વનું સ્થાન ધરાવે છે.[૧૮]

ભીમદેવ બીજાના સમયમાં પાટણના શીવમંદિરમાં શ્રી વિજયપાલનું 'દ્રૌપદી સ્વયંવર' રજુ થયું.[૧૯]

બારમી સદીના અંત ભાગમાં પ્રહલાદન દેવનું 'પાર્થપરાક્રમવ્યાયોગ' અચલેશ્વર મહાદેવ - અચલગઢ - માઉન્ટ આબુમાં ભજવાયું.[૨૦] પાલણપુર વસાવનાર પ્રહલાદન, દેવ આબુની તળેટીમાં આવેલ ચંદ્રવતીના પરમાર રાજા ધારાવર્ષના લઘુબંધુ અને યુવરાજ હતા. 'કીર્તિકૌમુદી' મહાકાવ્યના સર્જક સોમેશ્વરદેવે તેમને પ્રશંસ્યા છે. શ્રીમુંજ અને ભોજના અવસાનથી દુઃખાર્ત સરસ્વતીને રમ્યકથા રચનાર પ્રહલાદને આહ્લાદિત કરી હતી.[૨૧]

સિધ્ધરાજ જયસિંહના સમયમાં 'પ્રેક્ષણક' 'પ્રહસન' તથા નાટકો ભજવાયાના ઉદાહરણો છે. સિધ્ધરાજ પોતે કલાના ચાહક હતા, તેઓ ગુપ્તવેશે નાટક જોવા જતા હતાં તેવી નોંધો મળી છે.[૨૨]

કુમારપાલે બંધાવેલા જૈન મંદિરોનો તેના મૃત્યુબાદ તેનો પુત્ર અજયપાલ નાશ કરતો હતો. જૈન સંઘે તે સમયના ખ્યાતનામ કલાકાર સિલ્હણની મદદ માગી. સિલ્હણે રાજા અને દરબારીઓ સમક્ષ આવીજ પરિસ્થિતિ દર્શાવતું નાટક રજૂ કર્યું. જેમાં તેમનું બનાવેલું મંદિર તેમની નિદ્રાવસ્થા દરમ્યાન તેમનો પુત્ર તોડે છે. નિદ્રામાંથી જાગતાંજ તેઓ પુત્રને રોકે છે, અને કહે છે ''મારા મૃત્યુ સુધીતો રાહ જોવી હતી!'' આ નાટક રજુ કરી સિલ્હણ અજયપાલનો નિર્ણય બદલાવે છે. પરિણામે બાકી રહેલા જૈન મંદિરો બચી જાય છે.[૨૩]

આમ અસાઈત પાસે સાહિત્ય અને નાટક એમ બંને વિષયોમાં સારું એવું ભાથું તૈયાર હતું. જરુર હતી સ્ફૂરણાની. ગંગાના અપહરણના પ્રસંગને કારણે બ્રાહ્મણો દ્વારા તિરસ્કારાયેલા અસાઈત ક્ષમાયાચના કરવા કરતાં ન્યાતના બંધન ફગાવી દઈ નવી કેડી અપનાવે છે. તે સમયના સમાજ તથા રૂઢિ-રિવાજોને ધ્યાનમાં લેતાં સામાન્ય વ્યકિતનું આ કામ નહતું. અસાઈત બ્રાહ્મણ હોવાને નાતે શાસ્ત્રોના જ્ઞાતા તો હશેજ, સાથે સાથે નૃત્ય અને સંગીતનું જ્ઞાન પણ ધરાવતા હશે. પોતે કથાકાર હોવાને નાતે વાક્કલાના પારંગત હશે.

kalpana's

મધ્યકાલીન કથાના ઘડતરમાં વ્યાસ શૈલીએ અગત્યનો ભાગ ભજવ્યો છે. કથાના અંતર્ગત રસમાં આગળ વહેવાને બદલે ધાર્મિક પુરાણીઓ અને કથાકારો કોઈ એક પરિસ્થિતિ વર્ણવવાની સાથે જ બીજી અનેક વાર્તાઓ સાંકળી લે છે. આમ કથાનું સ્વયંપર્યાપ્ત રૂપ ઘડવાને બદલે કથકને ટેકારૂપ ટાંચણ હોય એ રીતે નિરુપણ થાય છે. લોકકથાના કથકને પરંપરાથી મળતા દુહા ટેકણરૂપ બને છે. જેમાં બે દુહાની વચ્ચેની કડીઓ ગદ્યથી જોડી દેવામાં આવે છે. આ પ્રકારની કથાશૈલીની અસર અસાઈત પર પડી હતી. તેમની રચેલી કૃતિ 'હંસાઉલી' પણ આખ્યાન પેઠે એની અંતર્ગત સ્વરૂપમાં તરબોળ કરવાને બદલે માત્ર વાર્તા કહેવાના ટાંચણરુપ હોય એ રીતે નિરૂપાયેલી છે.[૨૪] વ્યાસ શૈલીના આ વ્યાવર્તક લક્ષણની ભવાઈના કથાનક પર પ્રબળ અસર જણાય છે. અસાઈતના હાથે સંમાર્જિત ભવાઈ સ્વરૂપે આ લક્ષણ આમેજ કરી લીધું હોય તે બનવા જોગ છે.

આમ પ્રાચીન - મધ્યકાલીન નાટ્ય, સાહિત્ય, તે સમયના નૃત્યો, લોકગીતો, લોકસંગીત અને કથાશૈલી વગેરેનું યોગ્ય પ્રમાણમાં સંકલન કરી અસાઈતે ભવાઈનું સ્વરૂપ ઘડયું હશે. નિમ્નવર્ગના પ્રશ્નો, રીત, રિવાજ રૂઢિઓમાં રહેલી વિસંગતતા વગેરે સામે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશથી

મનોરંજન સહ શિક્ષણ આપતા ભવાઈના પ્રયોગો ગામડાઓમાં શરુ થયા. ભવાઈના વાદ્યોમાં પખાવજ, નરઘાં (તબલાં), સારંગી, કાંસોજોડા, કરતાલ વગેરે ભક્તિસંગીતના વાદ્યો ભવાઈમાં ઉપયોગમાં લેવાતા. કાળક્રમે હાર્મોનિયમે પ્રવેશ કર્યો હશે. પરંતુ ભવાઈનુ મહત્વનું વાદ્ય 'ભૂંગળ' છે. ભૂંગળ એટલે ભવાઈની આગવી ઓળખ.

ભવાઈના ૩૬૦ વેશ અસાઈતે રચ્યા હોવાનુ અનુમાન છે, પરંતુ પ્રાપ્ત થઈ શકયા નથી. ડૉ.સુધાબહેન દેસાઈએ ભવાઈના ૬૦ વેશ શોધી તેનું સંકલન તેમના શોધનિબંધ 'ભવાઈ' માં કર્યું છે, જે અસાઈત અને તેમના અનુગામીઓએ રચ્યા હશે.

ચૌદમા સૈકામાં શરુ થયેલ આ ભવાઈ પરંપરાએ લગભગ ૬૦૦ વર્ષ સુધી ઉત્તરગુજરાતના ગામડાઓમાં મનોરંજન અને લોકશિક્ષણનું કાર્ય કર્યું, આ સમય દરમ્યાન ભવાઈ વેશોની કથાઓ અને ભજવણીમાં ઘણાં પરિવર્તનો આવ્યા હશે. સંગીત, નૃત્ય વગેરેમાં કેટલાક તાલ અને ઠેકા વિસરાયા હશે, નવા ઉમેરાયા હશે. નવી પેઢીઓએ તેમના કાયમી યજમાન પ્રેક્ષકોને ટકાવી રાખવા, વેશ કંટાળાજનક ન બને, રસપ્રદ બને તે હેતુથી અભિનયમાં પરિવર્તનો આણ્યા હશે.

અસાઈતના અનુગામીઓ જે તરગાળા—નાયક તરીકે ઓળખાયા તે સિવાય અન્ય કોમના લોકોએ પણ માતાજીની ભકિતના સ્વરૂપમાં ભવાઈ શરુ કરી. જેમાં નાગર, કાછીયા, કંસારા વગેરે કોમના લોકો હાલમાં પણ વર્ષના કોઈ ચોકકસ દિવસે પોતાની કુળદેવીના મંદિરોમાં ભવાઈ ભજવે છે. તરગાળાની મંડળીમાં બીજા કોઈ વર્ગના નટ ને પ્રવેશ મળતો નહીં હોય કારણકે નટ-પ્રેક્ષકના સંબંધો ધાર્મિક શ્રધ્ધા પર બંધાયેલા હતાં. જેમ લગ્ન આદિ વિધિ માટે બ્રાહમણો અને સમાજના ગોર-યજમાનના સંબંધો ચાલતા આવ્યા છે, તેવાજ સંબંધો તરગાળા અને કણબી પટેલો વચ્ચે હતા. દરેક મંડળીનો એક નાયક હોય આ નાયકનો વંશપરંપરાગત ચાલતો આવતો ગરાસ (નિશ્ચિત ગામડાં અને નિશ્ચિત કણબીના ઘરો) હોય. આ ગરાસમાં બીજો કોઈ મંડળી આવે નહીં. દરેક મંડળી પોતાના નિશ્ચિત યજમાન ગામોમાંજ જાય. ચોમાસું પૂરુ થતાં નવરાત્રીના કોઈ ચોકકસ દિવસે પોતાની શ્રધ્ધા મુજબના કોઈ ચોકકસ મંદિરમાં પહેલો ભવાઈ ભજવવામાં આવે અને પછી મંડળ આઠ માસ સુધી પોતાના યજમાન ગામોની યાત્રાએ નીકળી પડે. ભવાઈ મંડળના નાયક તે વેશગોર ભવાઈ મંડળમાં પાંચ તાતા -બડતલ, પુરુષ પાત્રો કરે તેવા, પાંચ માતા - મસ્ત, સ્ત્રી

Kalpana's

પાત્રો કરનાર કાંચળિયા, પાંચ ગાતા – ગાયન વાદન કરનારા અને પાંચ સમાતા –ભવાઈના નાના મોટા પાત્રો અને મંડળની અન્ય પરચુરણ કામગોરોમાં મદદ કરનાર હોય છે. પુરૂષ વેશ કરતાં હાસ્યનટોને 'ભાથો' નામથો ઓળખવામાં આવે છે. યજમાન ગામમાં ચોરે જઈ ગામના મુખો અને આગેવાનોની અનુમતિ મેળવી પડાવ નાંખવામાં આવે. ભવાઈઆ રાત્રે ભવાઈ રમે પરંતુ દિવસે યજમાનો સાથેના સામાજિક સંબંધો ગાઢ બનાવે. કોઈને ત્યાં લગ્ન પ્રસંગ ગયો હોય ત્યાં ચાલ્લો – વરવધુને આશીર્વાદ, બાળકનો જન્મ થયો હોય તો ગાવણું કરો બાળકને રમાડવું અને કોઈના ઘેર મૃત્યુ થયું હોય તો ખરખરો કરવાનું ભવૈયા ચૂકે નહીં. પોતાના યજમાનોની વંશાવલીની નોંધ રાખે. યજમાનો સમક્ષ તેમના પૂર્વજોના ગુણગાનનું ગાવણું કરે, પોતાના યજમાન ગામોના ગુણગાનનું ગાવણું કરે.

આમ પોતાના નિશ્ચિત ગામોમાં જતાં હોવાથી નાટકો – નટો અને યજમાનો – પ્રેક્ષકો એકબીજાથી ગાઢ પરિચિત રહે છે. પ્રેક્ષકોને પોતાના જીવનકાળ દરમ્યાન પ્રતિ વર્ષ એજ ભવૈયાઓનો અભિનય જોવા મળે. જેથી અભિનય અને ભજવણીમાં વિવિધતા લાવવાના પ્રયત્નોમાં કેટલાંક અશ્લીલ લાગે તેવા તત્વો ભવાઈમાં આવ્યા હશે.

ધીમે ધીમે બદલાતો જતો સમાજ અને સામાજિકોની બદલાતી રહેતી રૂચિને કેટલાક ભવાઈ કલાકારો સંતોષી શકયા નહીં હોય. સમાજની રુચિ અનુસાર ભવાઈનો રજૂઆત - અભિનય વગેરેમાં બદલાવ જરુરી હતો જે માટે કેટલાક નબળા નટોએ અશ્લીલ તત્વોનો સહારો લીધો હોય.

ભવાઈ એ નાયકો (તરગાળા) નો રોજીનું સાધન હતુ. આથી પોતાનું પેટીયુ રળવાના પ્રયત્નમાં, પ્રેક્ષકોને ખુશ રાખવાના પ્રયત્નમાં તેઓ ભવાઈમાં અશ્લીલતા લાવ્યા હોય એમ વિચારી શકાય. પરંતુ તરગાળા સિવાયની અન્ય નાગર કંસારા કાછીયા વગેરે જ્ઞાતિઓના લોકો વર્ષના અમુક ચોકકસ દિવસે પોતાની કુળદેવીના મંદિરમાં ધાર્મિક શ્રધ્ધાથી ભવાઈ રમે છે. જેમાં કેટલાક સુધરેલા - ભણેલા - સમાજના અગ્રણી કહી શકાય તેવા લોકો પણ ભાગ લે છે. આ ભવાઈ રોજી મેળવવાના હેતુથી નહીં, પણ ધાર્મિક શ્રધ્ધાને કારણે રજૂ થાય છે. તેમ છતાં તેમાં અશ્લીલતાના તત્વો હોય છે. આનુ કારણ કદાચ લોકોના સુપ્ત માનસમાં રહેલી વિકૃત લાગણીઓને કાઢી નાંખવાનું હોઈ શકે. વર્ષમાં એક દિવસ આવી સુપ્ત મનમાં રહેલી અશ્લીતાને માણી લઈ મનને હળવું કરી નાંખવાના આશયથી અશ્લીલતા લાવવામાં આવી હોય એમ પણ બની શકે.

Kalpana's

૧૪મી સદીથી ૧૯ મી સદી સુધીનો ભવાઈ યાત્રા વણથંભી રહી હશે. ઓગણીસમી સદીના અંત ભાગમાં જુની રંગભૂમિ અસ્તિત્વમાં આવી અને વીસમી સદીના પ્રથમ ચાર દાયકા સુધી ગુજરાતમાં જૂની રંગભૂમિનો યુગ રહયો. જૂની રંગભૂમિની નાટક મંડળીઓને અભિનય કૌશલ્ય ધરાવતા નટોની જરુર હતી. નાટક મંડળીઓના માલિકો ભવાઈના નટોને રંગભૂમિમાં લઈ આવ્યા. દરમ્યાન કેટલાક સાક્ષારોએ ભવાઈના સ્વરૂપમાં આમેજ થયેલા અશ્લીલ તત્વોની ટીકા કરી. ભવાઈ વિરુધ્ધ પ્રચાર થયો. લેખો લખાયા. જેની અસર પાંચસો વર્ષ જૂની ભવાઈ પરંપરા પર થઈ.

ભવાઈ પરંપરાનો વૈભવ જૂની રંગભૂમિના માલિકો અને તે સમયના ભવાઈ વિરોધી સાક્ષારોને કારણે અસ્ત પામ્યો. આ વિધ્વાનોએ જૂની રંગભૂમિના નાટકો રચવામાં જે વિધ્વત્તા બતાવી તેવીજ વિધ્વત્તા ભવાઈને સંસ્કારવા માટે બતાવી હોત તો ભવાઈ પણ અન્ય પ્રાંતના સમૃધ્ધ લોક પારંપારિક નાટયોની સમકક્ષ ગણાતી હોત. જયારે ગુજરાતની જૂની રંગભૂમિ માત્ર ૫૦ વર્ષ ટકી. ત્યારબાદ રંગભૂમિના કેટલાક નટો (મૂળ ભવાઈના) રંગભૂમિની અસરો લઈ ભવાઈમાં પાછા આવ્યા.

kalpana's

.. MEHTA LIBRARY ... University of Baroda



ત્યારબાદ ગુજરાતી ફીલ્મ ઉદ્યોગે ગુજરાતી લોકગીતો અને નૃત્યોને ફીલ્મી બનાવ્યા. જેની અસર ગામડાઓમાં ચાલતી ભવાઈ પર પડી. આજે કેટલાક ભવાઈ કલાકારો ભવાઈમા ફીલ્મી નૃત્યો કરતા જોવામાં આવે છે. તેમ છતાં હજી થોડા કલાકારોએ ભવાઈના તત્વોને ટકાવી રાખ્યા છે. તેમની પાસેથી ભવાઈના ઢાળ અને નૃત્યોના ઠેકા જોવા મળે છે.

હવે નાયક યજમાનના સંબંધો પહેલા જેવા ગાઢ રહયા નથી. ફીલ્મ અને ટી.વી.ના માધ્યમોની ભવાઈ પર વિપરીત અસર પડી છે. ભવાઈમાંથી હવે કુટુંબનુ પોષણ થઈ શકે તેમ ન હોવાથી ભવાઈ કલાકારો અન્ય વ્યવસાયની શોધમાં છે.

ભારતના પાશ્ચાત્ય અસરોથી ઘેરાયેલા નાટ્ય જગતમાં 'ભારતીય રંગમંચની શોધ' નો એક નવો લહેરખો આવી. કેટલાક પ્રતિભાસંપન્ન નાટયકારો અને દિગ્દર્શકોએ ભારતીય પારંપારિક નાટ્યસ્વરૂપોના તત્વો -રૂઢિઓ ધરાવતાં નાટકો આધુનિક રંગમંચ પર અવતાર્યાં. ચંદ્રશેખર કંબારે પોતાની કૃતિઓમાં ઉત્તર કર્ણાટકના લોકનાટ્ય બૈલાટાનાં તત્વો ઉપયોગમાં લઈ ''જૌકુમાર સ્વામી'' જેવા નાટકો આપ્યાં. હબીબ તન્વીરનાં 'આગ્રા બજાર', 'મિટ્ટીકો ગાડી' 'ચરણદાસ ચોર' વગેરે નાટકો રજૂ

થયાં, ગિરીશ કનાર્ડના 'હયવદન'માં યક્ષગાન, તમાશા અને ભવાઈના અંશો આમેજ કરી પ્રયોગો રજૂ થયા. તમાશાના તત્વો ધરાવતા વિજય તેંડુલકરના 'ઘાસીરામ કોટવાળ' ના અનેક પ્રયોગો થયા. ભરતેન્દુ હરિશ્ચંદ્રનું 'બી.વી.કારંથ દિગ્દર્શિત 'અંધેરનગરી ચોપટ રાજા', રતન થિયામ દિગ્દર્શિત 'ચક્રવ્યુહ' અને એન્ટીગનીનું રુપાંતર 'લેંગશોનેઈ' (Lengshonnei) વગેરે નાટકો ભારતીય રંગમંચ પર રજૂ થયાં. વિજયા મહેતા, જબ્બાર પટેલ, શ્યામાનંદ જાલાન, સત્યદેવ દૂબે જેવા દિગ્દર્શકોએ સંસ્કૃત રંગમંચ તથા પારંપારિક નાટ્ય સ્વરૂપોના તત્વોનો વિનિયોગ કરી ઉતમ નાટ્ય કૃતિઓનું સર્જન કર્યું.

ગુજરાતમાં ભવાઈના તત્વોને આધુનિક રંગમંચ પર લાવવાના પ્રયાસો થયા. નટમંડળ, અમદાવાદ દ્વારા'મેના ગુર્જરી' રજૂ થયુ. જેમાં શ્રીજયશંકર સુંદરી, શ્રી દિના ગાંધી અને શ્રી પ્રાણસુખ નાયકે અભિનય કર્યો. ભવાઈના સર્જનાત્મક અંશો ધરાવતું શ્રી સી.સી.મહેતાનું'રંગલિકા'ભારતીય કલા કેન્દ્ર, વડોદરા દ્વારા રજૂ થયુ હતું. શ્રી શાંતા ગાંધીએ 'જશમા ઓડણ' હિન્દીમાં રજુ કર્યું. શ્રી કૈલાસ પંડયા દ્વારા 'ગણપત ગુર્જરી' રજૂ થયું. ભવાઈના તત્વો ધરાવતા નાટક 'મિથ્થાભિમાન' માં જુની

રંગભૂમિના તથા ભવાઈના કલાકાર શ્રી પ્રાણસુખ નાયકે ભજવેલ જીવરામ ભટ્ટનું પાત્ર વખણાયું. વડોદરામાં શ્રી અંબાલાલ પટેલ અને પ્રા.જગદીશ ભટ્ટની જુગલબંધીના કેટલાક નવા રચાયેલા વેશ રંગમંચ પર આવ્યા. જેવાકે 'નનામો વેશ', 'મૂરખપુરના મહારાજા', વગર લાભના લાભોજી', 'ઐયુબ ભૂટ્ટોકી ભવાઈ' વગેરે સ્વ.શ્રી પ્રવીણ જોષીએ ભવાઈના તત્વો ધરાવતું 'મોતી વેરાણા ચોક માં' રજૂ કર્યું. વડોદરામાં શ્રી શૈલેશ ત્રિવેદીએ કેટલાક નવા વેશ રજૂ કર્યા. પ્રા.જગદીશ ભટ્ટે તમાશા અને ભવાઈના તત્વોનો સમન્વય કરી 'ઇચ્છા મારી પુરી કરો' ના અનેક પ્રયોગો કર્યા તથા શ્રી ગિરીશ કર્નાડ લિખિત 'હયવદન' નો ગુજરાતી અનુવાદ કરી ભવાઈના અંશો સાથે રંગમંચ પર અવતાર્યું. શ્રી જગદીશ ભટ્ટે રચેલ અંગ્રેજી ભાષામાં 'વેશ ઓફ ગ્લલો' ના અનેક પ્રયોગો થયા. પ્રો.માર્કંડ ભટ્ટ દ્વારા ભવાઈના અંશો ધરાવતું નાટક 'મારું વનરાવન છે રૂડું' ના વિદેશમાં અનેક પ્રયોગો થયાં. બકુલ ત્રિપાઠીએ પણ 'કિસ્સા કુર્સીકા'ના રૂપાંતરમાં તેમજ 'લીલા'માં ભવાઈના તત્વોનો છૂટથી ઉપયોગ કર્યો છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં પારંપારિક ભવાઈને પ્રોત્સાહિત કરવાના કેટલાક પ્રયાસો થયા છે. વિસનગર ખાતે અસાઈત ભવાઈ કેન્દ્રમાં પ્રાથમિક શિક્ષણ સાથે ભવાઈની તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થીને

સ્ટાઈપેન્ડ – પ્રોત્સાહન મદદ આપવામાં આવે છે. ઈન્ડીયન નેશનલ થીએટર, લોકકલા સંશોધન કેન્દ્ર દ્વારા શ્રી મનસુખ જોષીના માર્ગદર્શન હેઠળ મોરબીના ભવાઈ કલાકારોએ વિદેશોમાં ભવાઈ વેશો રજૂ કર્યા.

છેલ્લા દાયકાઓમાં ભવાઈના સાહિત્યનું સર્જન થયુ. શ્રી બી.બી. મહેતાએ ભવાઈ વેશની કથાઓનું સંકલન કર્યું. શ્રી સુધાબહેન દેસાઈએ 'ભવાઈ' નું સંશોધન કરી તેના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કરી અને ૬૦ વેશો શોધી કાઢી તેમના શોધનિબંધમાં આમેજ કર્યા. પ્રો.જનક દવેના ભવાઈ વેશોના ત્રણ પુસ્તકો પ્રસિધ્ધ થયાં. તેમણે ભારતીય સમસ્યાઓ જેવી કે પર્યાવરણ, કોમીહિંસા, ભાષાવાદ, શિક્ષણ તથા બાળકોને કેન્દ્રમાં રાખીને નવા વેશો રચ્યા જેમાં વડીલોના વાંકની ભવાઈ, ભણતર, ગણતરનાં વેશ, રકતદાનનો વેશ, અપંગ રાખે રંગ, સાકસુફીનો વેશ, એકતાનો વેશ, નારીનો વેશ, જોબનનો વેશ, જંગલ મંગલનો વેશ, શામલીનો વેશ, ભલી ભણવા – ગણવાની ભવાઈ વગેરે. પ્રા. જનક દવેએ તેમના રચેલા વેશો પૈકી કેટલાક વેશ ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓને તાલીમ આપી રજૂ કર્યા. શ્રી કૃષ્ણકાંત કડકોયાનાં પુસ્તકો પ્રસિધ્ધ થયાં જેમાં લોકનાટ્ય ભવાઈ, અને 'જશમા લોકનાટ્ય – પ્રયોગ શિલ્પની દૃષ્ટિએ । વગેરે.

શ્રી ચિંનુ મોદી લિખિત ભવાઈના અંશો ધરાવતું નાટક જાલકાનું શ્રી નિમેષ દેસાઈએ દિગ્દર્શન કર્યું. શ્રી મનસુખભાઈ જોષી અને શ્રી નલિની બહેન ઉપાધ્યાય, લોકકલા સંશોધન કેન્દ્ર, આઈ.એન.ટી.દ્વારા ભવાઈ સંશોધન મોનોગ્રાફ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. શ્રી ગોવર્ધન પંચાલ દ્વારા દર્પણ એકેડેમી ઓફ ધ પરફોર્મીંગ આર્ટસ, અમદાવાદ પ્રકાશિત 'ભવાઈ એન્ડ ઈટસ આહાર્ય' - દર્પણ મોનોગ્રાફ પ્રસિદ્ધ થયો.

અક્ષારા, વડોદરા દ્વારા 'લોકનાટ્ય ભવાઈ' પર પરિસંવાદ અને શિબિરનું આયોજન થયું. જેમાં ૨૦૦ થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધો. ડૉ.લવકુમાર દેસાઈ તથા ડૉ.મહેશ ચંપકલાલે ભવાઈ સાથે સીધો સંબંધ ધરાવતા અભ્યાસીઓ દ્વારા લખાયેલ લેખોનું સંપાદન કર્યું જે અક્ષારા દ્વારા 'ભવાઈ: તત્વચર્ચા' પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયું.

આમ પચાસ વર્ષ પહેલા કેટલાક સાક્ષારોએ ભવાઈની ટીકા કરી હતી. જ્યારે આજે ભવાઈના નાટ્ય સ્વરૂપમાં વિશિષ્ટતાઓ જોતો, ભવાઈમાં રસ લેતો એક વિદ્વાન વર્ગ ભવાઈને જાળવી રાખવાના પ્રયાસો હાથ ધરે છે.

kalpana's

## સ...દ...ર્ભ


૧. ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) શ્રી અનંતરાય રાવળ (૧૯૬૩) પૃ.૧

૨. એજન પૃ. ૨

૩. એજન પૃ. ૨

૪. એજન પૃ. ૪

૫. એજન પૃ.૬

૬. એજન પૃ. ૧૬

૭. એજન પૃ. ૧૭

૮. એજન પૃ. ૩૪

૯. એજન પૃ. ૩૫

૧૦. ભવૈયા, લે. શ્રી જોરાવરસિંહ જાદવ અંડાનંદ, જૂન '૮૭ પૃ.૬૩

૧૧. Bhavai and its typical Aharya, દર્પણ મોનોગ્રાફ સીરીઝ ૧, અમદાવાદ, લે. શ્રી ગોવર્ધન પંચાલ (૧૯૮૩) પૃ.૫

૧૨. ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન), શ્રી અનંતરાય રાવળ (૧૯૬૩) પૃ.૬૩

૧૩. એજન પૃ.૬૧

૧૪. એજન પૃ.૬૪

૧૫. 'ગુજરાતના સંદર્ભમાં ભક્તિ સંગીત અને શાસ્ત્રીય સંગીત' લે. શ્રી કેશવરામ કા.શાસ્ત્રી, ગુજરાત દીપોત્સવી અંક વિ.સં. ૨૦૩૮ લેખ સંપુટ વિભાગ, પૃ. ૨

૧૬. Bhavai, ડૉ.સુધાબહેન દેસાઇ (૧૯૭૨) પૃ.૧૪૭

૧૭. એજન પૃ.૧૪૭

૧૮. 'સંસ્કૃત નાટકોનો પરિચય', લે.ડૉ.તપસ્વી નાંદી, (૧૯૭૧) પૃ.૩૬૪

૧૯. Bhavai, ડૉ.સુધાબહેન દેસાઇ (૧૯૭૨) પૃ.૧૪૮

૨૦. એજન પૃ.૧૪૮

૨૧. 'પાલનપુર વસાવનાર પ્રહલાદનદેવ કૃત પાર્થપરાક્રમ વ્યાયોગ' લે.ડૉ.ભોગીલાલ સાંડેસરા, ગુજરાત દીપોત્સવી અંક વિ.સંવત ૨૦૩૯ પૃ.૩૨

૨૨. Bhavai, ડૉ.સુધાબહેન દેસાઇ (૧૯૭૨) પૃ.૧૪૯

Kalpana's

૨૩. એજન પૃ. ૧૫૦ - ૧૫૧

૨૪. 'પ્રાચીન મધ્યકાલીન કથા વિભાવના', લે.ડૉ.હસુ યાજ્ઞિક,
ગુજરાત દીપોત્સવી અંક વિ.સંવત ૨૦૪૬ પૃ.૮૦-૮૧

Inlpond's